## ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૯૮
## તારીખ.૧૭–૧૦–૨૦૨૪

આજ રોજ તારીખ.૧૭–૧૦–૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીની ભલામણ ધ્યાને લેતા ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની નગરપાલિકામાં આવેલ અરજીઓનો ક્રમ–૧ થી ૭૦ સુધીની અરજીઓ ટેક્ષ વિભાગમાં આવેલ છે.જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને અરજદારો તરફથી સદર મિલ્કતોની સીટી સર્વે નકલ, સાત–બારની નકલ સાથે હકક પત્રક–છ રજુ કરેથી નકલ આધારે નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૯૯
## તારીખ.૧૭–૧૦–૨૦૨૪

આજ રોજ તારીખ.૧૭–૧૦–૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીની ભલામણ ધ્યાને લેતા શહેરની ખાનગી મીલકતો જે નવી આકારણી, એકત્ર કરવા, ભાગ પાડવા, મિલ્કતની ફેર આકારણી, નામ શેષ(ખંડેર) અને ખુલ્લી જગ્યા કરવા, ખુલ્લા પ્લોટની આકારણી, બાંધકામ વર્ષમાં સુધારો, મિલ્કતના માપમાં સુધારો, ભાડુઆત નામ દાખલ અને કમી કરવા, રહેણાંક વેરો કરવા, ધંધાકીય(બીન રહેણાંક) નંબર પાડવા, સી.ટી.સર્વે નંબરમાં સુધારો, પાણી વેરો, ગટર વેરો રદ કરવા આવેલ અરજી નંબર–૧ થી ૫૪ સુધીની અરજીઓની ઝોનલ મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ કરાવવીને ટેક્ષ વિભાગ મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# <u>ખંભાત નગરપાલિકા ,ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૦</u>

## <u>તારીખ.૧૭–૧૦–૨૦૨૪</u>

**આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રીની ભલામણ વંચાતે લેતા ખંભાત નગરપાલિકા જુદા–જુદા વિસ્તારમાં ચેમ્બર રીપેરીંગ, પેચવર્ક તથા અન્ય કામગીરી માટે રેતી, સિમેન્ટની જરૂરીયાત હોઈ સદર બાબતે વાર્ષિક ભાવો મંજુર થયેલ ન હોઈ તાત્કાલીક સરકયુલર ટેન્ડર ફેરવી જુદી–જુદી એજન્સીઓ પાસે બંધ કવરમાં ભાવપત્રકો મંગાવેલ. આ અંગે નિયમ સમય મર્યાદામાં કુલ ત્રણ(૩) એજન્સીના ભાવપત્રકો આવેલ જે તા.૧૨–૦૭–૨૦૨૪ ના રોજ અધિકારીશ્રીની રૂબરૂમાં ખોલવામાં આવેલ. આ અંગે આવેલ ભાવપત્રકોનું સરખામણી પત્રક બનાવી ઓડિટ કરાવતા રેતી, સિમેન્ટ, ઈંટોના નંબર બે(૧) બી જયંતીલાલ એન્ડ સન્સ, ખંભાતના (૧) ૧–ટ્રેકટર રેતીના રૂ.૪૧૦૦/– (૨) ૫૦–થેલી સિમેન્ટ (અલ્ટ્રાટેક) ના રૂ.૧૯,૫૦૦/– (૩) ૧–ટેમ્પી કપચીના રૂ.૧,૦૦૦/– + મજુરી રૂ.૬૦૦/– પ્રમાણે સૌથી ઓછા આવેલ હોઈ જે ભાવો મંજુર કરવામાં આવે છે અને તે અંગેનો ખર્ચ કરવા મંજુર.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહી. નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૧
## તા.૧૭/૧૦/૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રી રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા બાંધકામ વિભાગ દ્વારા રૂા.૪,૬૦,૦૦૦/– "રેલ્વે ઓવરબ્રીજ પાસે ગટર લાઈન સીફટીંગની કામગીરી" (૨૦૨૪) કામગીરી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૪૨ / તારીખ.૧૨–૦૬–૨૦૨૪ થી માહિતી નિયામકશ્રી, આણંદ દ્વારા જાહેરાત પ્રસિધ્ધ કરી ઓફલાઈન ભાવો મંગાવવામાં ઠરાવવામાં આવેલ. જે અંગે કોરા ટેન્ડરમાં ભાવો ભરવાની અંતિમ તારીખ.૧૮–૦૯–૨૦૨૪ હતી અને ભાવપત્રકો રજુ કરવાની અંતિમ તારીખ.૨૩–૦૯–૨૦૨૪ હતી જે સમય મર્યાદામાં નીચેની કુલ–૩(ત્રણ) એજન્સીના ભાવપત્રકો રજુ થયેલ આ અંગે આવેલ ત્રણેય ભાવપત્રકો ઓપન કરી જેનું સરખામણી પત્રક બનાવી ઓડિટ કરાવતા રૂા.૪,૫૪,૭૮૫/– થી એસ.ઓ.આર પ્રમાણે સૌથી ઓછા ભાવો આવેલ હોઈ જે ભાવો મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૨

## તા.૧૭–૧૦–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રી રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી–૮૮ (સને ૨૦૨૧–૨૨) ગ્રાન્ટ હેઠળ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૨૮૮ / તા.૧૨–૦૧–૨૦૨૪ થી "વોર્ડ નં.૧ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી" નકકી થયેલ જે પૈકી રૂા.૫૩,૧૫,૦૦૦/– પ્રમાણેના કામો નકકી થયેલ. આ અંગે સદર કામની જાહેરાત માહિતી નિયામક કચેરી દ્વારા દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરી ભાવપત્રક માંગવામાં આવેલ. આ અંગે ઓનલાઈન ભાવપત્રકો ભરવાની અંતિમ તારીખ : ૦૫/૦૩/૨૦૨૪ હતી અને ફિઝીકલ ડોકયુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા.૧૧/૦૩/૨૦૨૪ હતી. આ બાબતે નિયત સમય મર્યાદામાં એકપણ એજન્સીનું ટેન્ડર ભરેલ ન હોઈ ફિઝીકલ ડોકયુમેન્ટ રજુ થયેલ ન હોઈ આ અંગે સદર કામની બીજા પ્રયત્ન હેઠળની જાહેરાત પ્રસિધ્ધ કરી ઓનલાઈન ટેન્ડરીંગ કરેલ જેની ઓનલાઈન ભાવપત્રકો ભરવાની અંતિમ તારીખ : ૨૭/૦૬/૨૦૨૪ હતી અને ફિઝીકલ ડોકયુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા.૦૨/૦૭/૨૦૨૪ હતી. જે સમય મર્યાદામાં બીજા પ્રયત્ન હેઠળ નીચે મુજબની ૧(એક) એજન્સીનું ટેન્ડર રજુ થયેલ હોઈ આ અંગે માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક : TNC-10-2017-03-C (R&B) સચિવાલય, ગાંધીનગર તા.૧૮–૦૨–૨૦૧૦ ના સંદર્ભ–પીડીડબલ્યુ/૧૦૨૦૦૭ (ભાગ–૧)/શ ના જી.આર પ્રમાણે બીજા પ્રયત્નનું સિંગલ ટેન્ડર આવેલ હોઈ જે ઓપન કરતા કોન્ટ્રાકટર એજન્સી મહેશ કંસ્ટ્રકશન કું., વડોદરાના ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૫૧,૦૮,૯૫૫/– થી ૦.૦૭% ઓછા રૂા.૫૧,૦૫,૩૭૯/– મુજબ આવેલ હોઈ જે એજન્સીના ભાવો મંજુર કરવામાં આવે છે. અન્ય એજન્સીને અર્નેસ્ટમની પરત આપવા મંજુર.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૩</u>

## <u>તા.૧૭–૧૦–૨૦૨૪</u>

**આથી ઠરાવવામાં આવે છે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રી રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા ૧૫મું નાણાપંચ (સને ૨૦૨૦–૨૧) અનટાઈડ ગ્રાન્ટ હેઠળ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૨૯૧ / તા.૧૨–૦૧–૨૦૨૪ થી ''વોર્ડ નં.૫ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તા, ગટર લાઈન, પાણીની લાઈન, બ્લોક પેવીંગની કામગીરી'' નકકી થયેલ જે પૈકી રૂા.૩૫,૫૨,૮૦૦/– પ્રમાણેના કામો નકકી થયેલ. આ અંગે સદર કામની જાહેરાત માહિતી નિયામક કચેરી દ્વારા દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરી ભાવપત્રક માંગવામાં આવેલ. આ અંગે ઓનલાઈન ભાવપત્રકો ભરવાની અંતિમ તારીખ : ૦૫/૦૩/૨૦૨૪ હતી અને ફિઝીકલ ડોકયુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા.૧૧/૦૩/૨૦૨૪ હતી. આ બાબતે નિયત સમય મર્યાદામાં નીચે મુજબની ૧(એક) એજન્સીના ફિઝીકલ ડોકયુમેન્ટ રજુ થયેલ હોઈ આ અંગે સદર કામની બીજા પ્રયત્ન હેઠળની જાહેરાત પ્રસિધ્ધ કરી ઓનલાઈન ટેન્ડરીંગ કરેલ જેની ઓનલાઈન ભાવપત્રકો ભરવાની અંતિમ તારીખ : ૨૭/૦૬/૨૦૨૪ હતી અને ફિઝીકલ ડોકયુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા.૦૨/૦૭/૨૦૨૪ હતી. જે સમય મર્યાદામાં બીજા પ્રયત્ન હેઠળ નીચે મુજબની ૧(એક) એજન્સીનું ટેન્ડર રજુ થયેલ હોઈ આ અંગે માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક : TNC-10-2017-03-C (R&B) સચિવાલય, ગાંધીનગર તા.૧૮–૦૨–૨૦૧૦ ના સંદર્ભ–પીડીડબલ્યુ/૧૦૨૦૦૭ (ભાગ–૧)/શ ના જી.આર પ્રમાણે બીજા પ્રયત્નનું સિંગલ ટેન્ડર આવેલ હોઈ જે ઓપન કરતા કોન્ટ્રાકટર એજન્સી મહેશ કંસ્ટ્રકશન કું., વડોદરાના ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૩૬,૨૯,૨૦૦/– થી ૦.૦૭% ઓછા રૂા.૩૬,૨૬,૬૬૦/– મુજબ આવેલ હોઈ જે એજન્સીના ભાવો મંજુર કરવામાં આવે છે. અન્ય એજન્સીને અર્નેસ્ટમની પરત આપવા મંજુર.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૪

## તા.૧૭–૧૦–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રી રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા માન.ધારાસભ્યશ્રી ગ્રાન્ટ(૨૦૨૪–૨૫) હેઠળ જીલ્લા આયોજન કચેરી, આણંદના પત્ર ક્રમાંક : DPOAND/0051/ 09/2024 Date.30-09-2024 હેઠળ ખંભાત નગરપાલિકાને નીચે મુજબના જુદા–જુદા કામોની સૈધ્ધાંતિક મંજુર મળેલ હોઈ જે સદર ગ્રાન્ટ પૈકી નીચે મુજબના કામો કરવા ઠરાવવામાં આવે છે.

| નં | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ખંભાત શહેર જુદા–જુદા વિસ્તારમાં બાકડાનું કામ | ૫૦૦,૦૦૦.૦૦ |
| ૨ | ખંભાત શહેર પ્રાથમિક શાળા નં–૫ અલીંગમાં બાળકોને ભોજન માટે શેડ તથા બ્લોક પેવિંગનું કામ | ૪૦૦,૦૦૦.૦૦ |
| 3 | ખંભાત શહેર ખલાસી વિસ્તારના પરામાં હનુમાનજીના મંદિર પાસે સ્ટોન પેવિંગનું કામ | ૪૦૦,૦૦૦.૦૦ |
| ૪ | ખંભાત દંતારવાડામાં સિંધવાઈ માતાના મંદિર વિસ્તારમાં રૈન બસેરાનું કામ | ૭૦,૦૦૦.૦૦ |
| | | ૧,૩૭૦,૦૦૦.૦૦ |

ઉપર મુજબના સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની અને જીલ્લા આયોજન કચેરી, આણંદ શરતો વિગતોનું પાલન કરશે તથા જીલ્લા આયોજન કચેરી તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાંટ ઉપરાંત કાંઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે. સદર ગ્રાંટ હેઠળના કામો માટે અન્ય કોઈ યોજનાઓથી ગ્રાંટ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૫
## તારીખ.૧૭–૧૦–૨૦૨૪

આગળનો રીપોર્ટ તથા ચીફઓફીસર સાહેબની ભલામણ તથા પ્રમુખશ્રીના રીપોર્ટ વંચાણેમાં લેતા ખંભાત નગરપાલીકા દ્વારા સરકારશ્રીનો સેવાસેતું કાર્યક્રમ રાખવામાં આવેલ જે કાર્યાલય આદેશ સુ.જા.નંબર.૧૩૫૩/તારીખ.૧૧–૧૦–૨૪થી કામગીરી કરાવવા જણાવેલ જે આદેશ અનુંસાર સેવા સેતું કાર્યક્રમમાં ટેબલ,ખુરશી ,ચાદર–ઝુલ તથા સાઉન્ડ સિસ્ટમ ભાડેથી મંગાવવા માટે સુ.જા.નંબર.૧૩૫૯/તારીખ.૧૧–૧૦–૨૪થી જાહેર ખબર ચોટાડી ભાવો મંગાવવાની કાર્યવાહી કરવા જણાવેલ

સેવા સેતું કાર્યક્રમ આધ્યામિક હોલમાં તારીખ.૧૯–૧૦–૨૪ના રોજરાખવામાં આવેલ જેમાં ૨૫ નંગ ટેબલ,૧૦૦ નંગ પ્લાસ્ટિક ખુરશી,૨૫ નંગ ચાદર–ઝુલ તથા ૨ માઈક સાથે સાઉન્ડ સિસ્ટમ ભાડેથી મંગાવવાની જરૂરીયાત હોય જે માટે સુ.જા.નંબર.૧૩૫૯/તારીખ. ૧૧–૧૦–૨૪થી ૧ નંગના ભાવ મંગાવવા જાહેર ખબર ચોટાડી તે સ્થળ પર તેનું પંચનામુ કરેલ છે.ભાડેથી મંગાવવાની જાહેર ખબર ચોટાડી તે ભાવો મંગાવવાની છેલ્લી તારીખ. ૧૪–૧૦–૨૪ના રોજ સાંજનાં ૪–૦૦કલાક સુધી સમયમર્યાદામાં ૪(ચાર)એજન્સીઓના બંધ કવરમાં ભાવ આવેલ છે.

જે આવેલ ભાવપત્રકો તારીખ.૧૬–૧૦–૨૦૨૪ના રોજ બપોરે.૧૨–૩૦કલાકે અધિકારીશ્રી તથા પદા અધિકારીશ્રીશ્રીની રૂબરૂમાં ખોલવામાં આવેલ છે.જે ૪ એજન્સી ઓના આવેલ ભાવપ્રત્રકોનું સરખામણી પ્રત્રક બનાવેલ જે નીચે જણાવેલ છે.

| અ.નં. | માલનું વર્ણન | (૧) મેધના લાઈટ ડેકોરેશન ખંભાત | (૨) જય અંબે ડેકોરેશન ખંભાત | (૩) ક્રિષ્ના લાઈટ ડેકોરેશન ખંભાત | (૪) રવિ મંડપ ડેકોરેશન ખંભાત |
|---|---|---|---|---|---|
| (૧) | ટેબલ(૧નંગ) | ૬૦–૦૦ | ૫૦–૦૦ | ૪૦–૦૦ | ૫૦–૦૦ |
| (૨) | પ્લાસ્ટિક ખુરશી (૧ નંગ) | ૧૫–૦૦ | ૧૦–૦૦ | ૫–૦૦ | ૮–૦૦ |
| (૩) | સફેદ ચાદર–ઝુલ (૧ નંગ) | ૫૦–૦૦ | ૪૦–૦૦ | ૩૫–૦૦ | ૪૫–૦૦ |
| (૪) | ૨ માઈક,૨ પેટી સાઉન્ડ સ્સ્ટિમ | ૧૨૦૦–૦૦ | ૧૦૦૦–૦૦ | ૮૦૦–૦૦ | ૧૦૦૦–૦૦ |

ઉપરોકત અં.નં.૧ થી ૪ એજન્સીઓએ સુ.જા.નંબર.૧૩૫૯/તારીખ૧૧–૧૦–૨૪થી જાહેર ખબર ચોટાડેલ તેમા જણાવેલ સેવા સેતું કાર્યક્રમમાં ટેબલ,પ્લાસ્ટિક ખુરશી,ચાદર–ઝુલ તથા ૨ માઈક સાથે સાઉન્ડ સ્સ્ટિમ ભાડેથી મંગાવવાનાં ભાવ આવેલ જે આવેલ ભાવોનું ભાવ સરખામણી પ્રત્રક બનાવી તે ઓડીટ કરાવી તેમાં જોતાં અં.નં.(૩)ક્રિષ્ના લાઈટ ડેકોરેશન ખંભાતવાળાનાં અં.નં. ૧ તથા ૪ આઈટમોનાં ભાવ સૌથી ઓછા આવેલ છે.

જે અં.નં. (૩)ક્રિષ્ના લાઈટ ડેકોરેશન ખંભાતવાળાનાં ભાડેથી મંગાવવાનાં ભાવ મંજુર કરવામાં આવે છે.તથા તે એજન્સીનાં મંજુર થયેલ ભાવથી સેવાસેતું કાર્યક્રમમાં ૨૫ નંગ ટેબલ,૧૦૦ નંગ પ્લાસ્ટિક ખુરશી ,૨૫ નંગ સફેદ ચાદર–ઝુલ તથા રમાઈક સાથે સાઉન્ડસિસ્ટમ ભાડેથી મંગાવવા મંજુર કરવામાં આવે છે.તથા સેવા સેતું કાર્યક્રમમાં રોકાયેલ તમામ વિભાગીય કર્મચારીઓને જમવાની વ્યવસ્થા દર વખતે કરવામાં આવે છે  તે હિસાબે તારીખ.૧૯–૧૦–૨૪ ના રોજ સેવા સેતું કાર્યક્રમમાં રોકાયેલ કર્મચારીઓની જમવાની વ્યવસ્થા હેર્ડકલાર્કશ્રીને કરવા મંજુર કરવામાં આવે છે.તથા તે સેવા સેતુંમાં થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૬
## તારીખ.૧૭–૧૦–૨૦૨૪

આગળનો રીપોર્ટ તથા ચીફઓફીસર સાહેબની ભલામણ તથા પ્રમુખશ્રીના રીપોર્ટ વંચાણેમાં લેતા બૌધક ગામમાં આવેલ કુંડમાં ૫૦ થી ૫૫ વર્ષનો યુવક કુંડમાં તારીખ.૧૬–૧૦–૨૪ના રોજ પડી ગયેલ તે કાઢવા માટે ફાયરવિભાગમાં ફોન આવેલ જે તાત્કાલિક લાલ દરવાજા વાઘરીવાસનાં ૪ તરવૈયા લઈ ગયેલ પણ ડેડ બોડી મળેલ ન હોવાથી આણંદ ફાયરવિભાગની ટીમને ગોર સાહેબને ફોન કરી બોલાવેલ જે આણંદ ફાયરવિભાગની ટીમે કુંડમાં કેમેરો નાખી રાત્રે.૯–૩૦કલાક સુધી ચેક કરેલ પણ કેમેરામાં ડેડ બોડી દેખાઈ નહી જે આણંદ ફાયરવિભાગની ટીમ મોડે સુધી કામગીરી કરેલ તે આવેલ ૮ કર્મચારીઓને શ્રી ખોડીયાર કાઠીયાવાડી ધાબામાં જમવા લઈ ને તેમને જમવામાં ૧૮૮૫/રૂ. થયેલ ખર્ચ મંજુર રાખવામાં આવે છે. તથા તેના તેમને રોકડસિલક માંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૭**

**તારીખ.૧૭–૧૦–૨૦૨૪**

આગળનો રીપોર્ટ તથા ચીફઓફીસર સાહેબની ભલામણ તથા પ્રમુખશ્રીના રીપોર્ટ વંચાણેમાં લેતા લાઈટવિભાગમાં હાઈડ્રોલીંક છોટા હાથી ટેમ્પા નંબર. GJ-23-GA-0292 માં બંધ થયેલ હોવાથી હોવાથી જે લાઈટવિભાગનાં કર્મચારીએ કર્મચારીએ રીપેરીંગ રીપોર્ટ આપેલ જે કર્મચારીએ આપેલ રીપોર્ટનાં અનુંસંધાને કાર્ગો મોટર્સ(ટાટા મોટર્સ)માં સું.જા.નંબર.૧૨૫૭/તારીખ.૨૪/૦૯/૨૪થી કંપનીમાં મુકવા ગયેલ જે ટાટા મોટર્સ કંપનીવાળાએ લાઈટવિભાગનો ટેમ્પો ચેક કરેલ જે તેમને તારીખ. ૨૮–૦૯–૨૪ના રોજ કાર્ગો મોટર્સ(ટાટા મોટર્સ)કંપનીવાળાએ ચેક કરી નીચે જણાવેલ ટાટા કંપનીમાં રીપેરીંગ કરવાનો એસ્ટીમેન્ટ આપવામાં આવેલ છે.

| અં.નં. | માલ સામન વિગત | ભાવ | જથ્થો | રકમ |
|---|---|---|---|---|
| (૧) | એન્જીન ઓઈલ CKA10W30 | ૩૮૦–૦૦ | ૨.૯ લીટર | ૧,૧૦૨–૦૦ |
| (૨) | ઓઈલ ફીલ્ટર | ૪૦૦–૦૦ | ૧ નંગ | ૪૦૦–૦૦ |
| (૩) | કુલન્ટ | ૩૦૦–૦૦ | ૧લીટર | ૬૦૦–૦૦ |
| (૪) | પ્રાઈમરી એર ફીલ્ટર | ૧૨૦૦–૦૦ | ૧ નંગ | ૧૨૦૦–૦૦ |
| (૫) | ફૂલ ફીલ્ટર મૈન ફીલ્ટર | ૨૦૦૦–૦૦ | ૧ નંગ | ૨૦૦૦–૦૦ |
| (૬) | કોટન | ૧૨૦–૦૦ | ૦.૫ મીટર | ૬૦–૦૦ |
| (૭) | ગેર ઓઈલ | ૩૯૦–૦૦ | ૧.૫ લીટર | ૫૮૫–૦૦ |
| (૮) | ડીફરેન્ચર ઓઈલ | ૪૨૦–૦૦ | ૧.૫ લીટર | ૬૩૦–૦૦ |
| (૯) | બ્રેક ઓઈલ | ૪૦૦–૦૦ | ૧ લીટર | ૪૦૦–૦૦ |
| (૧૦) | કલચ પ્લેટ | ૩૫૦૦–૦૦ | ૧ નંગ | ૩૫૦૦–૦૦ |
| (૧૧) | પ્રેસર પ્લેટ | ૩૫૦૦–૦૦ | ૧ નંગ | ૩૫૦૦–૦૦ |
| (૧૨) | કલચ બી.આર.જી. | ૨૦૦૦–૦૦ | ૧ નંગ | ૨૦૦૦–૦૦ |
| (૧૩) | ચીલ્લમ | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૧૪) | કલચ ફોર્કઅને ફોર્ક સ્લિવ | ૨૦૦૦–૦૦ | ૧ નંગ | ૨૦૦૦–૦૦ |
| (૧૫) | એનાબોન્ટ ટયુબ | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૧૬) | હબ ગ્રેસીંગ કીટ | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૧૭) | ગ્રીસ | ૯૦૦–૦૦ | ૦.૫ગ્રામ | ૪૫૦–૦૦ |
| (૧૮) | યુ.જે.ક્રોસ સેટ | ૨૫૦૦–૦૦ | ૧ નંગ | ૨૫૦૦–૦૦ |
| (૧૯) | સીલીન્ડર હેડ ગ્રેસકીટ | ૧૨૦૦–૦૦ | ૧ નંગ | ૧૨૦૦–૦૦ |
| (૨૦) | એનાબોન્ટ ટયુબ | ૨૫૦–૦૦ | ૧ નંગ | ૨૫૦–૦૦ |
| (૨૧) | ટેમ્પ S/W સેટ | ૩૦૦૦–૦૦ | ૧ નંગ | ૩૦૦૦–૦૦ |
| (૨૨) | ઓવર ફ્રો પાઈપ | ૧૦૦૦–૦૦ | ૧ નંગ | ૧૦૦૦–૦૦ |
| (૨૩) | રેડીયેટર કેપ | ૭૫૦–૦૦ | ૧ નંગ | ૭૫૦–૦૦ |
| (૨૪) | કુલન્ટ | ૩૦૦–૦૦ | ૧લીટર | ૬૦૦–૦૦ |
| (૨૫) | ડસ્ટ ઓઈલ સીલ સેટ | ૩૦૦–૦૦ | ૧ નંગ | ૬૦૦–૦૦ |
| (૨૨) | મીકસીંગ પાટસ (ખૂટે તે) | ૩૦૦૦–૦૦ | ૧ નંગ | ૩૦૦૦–૦૦ |
| | | માલ સામાનનાં કુલ | | ૩૨૩૨૭–૦૦ |

લેબર વર્ક (મજુરી ચાર્જ)

| અં.નં. | લેબર વર્ક | ભાવ | જથ્થો | રકમ |
|---|---|---|---|---|
| (૧) | ફીલ્ટર ચેન્જ | --- | --- | ૩૫૦-૦૦ |
| (૨) | ચેન્જર | --- | --- | ૩૦૦-૦૦ |
| (૩) | વોર્સીંગ અને ગ્રીસીંગ | --- | --- | ૫૦૦-૦૦ |
| (૪) | જનરલ ચેક અપ | --- | --- | ૧૦૦૦-૦૦ |
| (૫) | કલચ અને પ્રેસર પ્લેટ ચેન્જ | --- | --- | ૪૦૦૦-૦૦ |
| (૬) | ચેન્જ | --- | --- | ૫૦૦-૦૦ |
| (૭) | રેડીયેટર R/R | --- | --- | ૧૫૦૦-૦૦ |
| (૮) | રેડીયેટર સર્વિસ | --- | --- | ૧૦૦૦-૦૦ |
| (૯) | સીલીન્ડર હેડ ગેસ કીટ | --- | --- | ૩૫૦૦-૦૦ |
| (૧૦) | રીપેરીંગ | --- | --- | ૧૦૦૦-૦૦ |
| (૧૧) | અલ્ટનોટર પાર્ટ સાથે રીપેરીંગ | --- | --- | ૫૦૦૦-૦૦ |
| (૧૨) | અલ્ટનોટર R/R | --- | --- | ૫૫૦-૦૦ |
| (૧૧) | યુ જે ક્રોસ સેટ રીપ્લેશ | --- | --- | ૧૨૦૦-૦૦ |
| (૧૨) | હેડ લેથ નું કામ | --- | --- | ૩૦૦૦-૦૦ |
| | | | | ૨૩૪૦૦-૦૦ |

ઉપર માલ સામાન તથા મજુરી સાથે થતો કુલ ખર્ચ નીચે જણાવેલ છે.

| | |
|---|---|
| કુલ માલ સામાન નાખવાની રકમ | ૩૨૩૨૭-૦૦ |
| કુલ મજૂરી | ૨૩૪૦૦-૦૦ |
| ૧૮% ટેક્ષ | ૪૨૧૨-૦૦ |
| કુલ રકમ | ૫૯૯૩૯-૦૦ |

ઉપર જણાવેલ કાર્ગો મોટર્સ (ટાટા મોટર્સ)આણંદ કંપનીમાં મુકેલ લાઈટવિભાગની ટાટા કંપની છોટા હાથી ટેમ્પો નંબર.GJ-23-GA-0292 રીપેરીંગ કરવાનો એસ્ટીમેન્ટ કોટેશન રૂ.૫૯૯૩૯/રૂ.નો એસ્ટીમેન્ટ આવેલ જે આવેલ એસ્ટીમેન્ટથી રીપેરીંગ કામ કરાવવા મંજુર કરવામાં આવે છે.તથા તેમા રીપેરીંગમાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૮

## તા.૧૭/૧૦/૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રી રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા ૧૫મું નાણાપંચ (૨૦૨૨–૨૩) ટાઈડ ગ્રાન્ટ હેઠળ એકઝીકયુટી કમીટી ઠરાવ નંબર.૫૧ / તારીખ.૩૦–૦૫–૨૦૨૩ થી જુદા–જુદા ત્રણ વિસ્તારમાં પંમ્પરૂમ તથા બોર બનાવવાની કામગીરી કરવા ઠરાવવામાં આવેલ. આં અંગે ત્રણેય વિસ્તારોમાં બોર બનાવવાની કામગીરી માટે ભુસ્તરીય સર્વેક્ષણ કરાવવાની જરૂરીયાત હોઈ જે અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, આણંદ ખાતે બોરના ભુસ્તરીય સર્વેક્ષણ કરવા માટે રજુઆત કરતા સદર કચેરીના પત્ર ક્રમાંક : પીબી/બોર–સર્વેક્ષણ ચાર્જ/ખંભાત નગરપાલિકા/૬૪૨ તારીખ.૧૩–૦૮–૨૦૨૪ થી ત્રણ બોર માટેના ભુસ્તરીય સર્વેક્ષણ અહેવાલ માટે એક બોરના રૂા.૨૧,૨૫૭/– એક મળી કુલ ત્રણ બોરના કુલ રૂા.૬૩,૭૭૧/– "કાર્યપાલક ઈજનેરશ્રી, જા.આ.બાંધકામ વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, આણંદ" ના નામથી ભરવાના થતા હોઈ જે રકમ ચુકવી બોર માટેના ભુસ્તરીય સર્વેક્ષણ અહેવાલ કરાવવા ઠરાવવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૯
# તારીખ.૧૭–૧૦–૨૦૨૪

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ કર્મચારીઓ નિવૃત થયેલ છે, જેમાં ગ્રેજયુઈટી અને હકકરજા બીલ ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલ નિયમો પ્રકરણ–૧૮ ના નિયમઃ–૧,૨ અને ૪ ના પેટા નિયમો મુજબ બનાવવા આવેલ છે.જે સાથે સામેલ મુજબનાં બીલો મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | અરવિંદભાઈ વસંતભાઈ હરીજન | હકકરજા | ૩૯૯,૩૦૦.૦૦ |
| | અરવિંદભાઈ વસંતભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૪૯૯,૧૨૫.૦૦ |
| ૨ | મંજુલાબેન બિહારીભાઈ હરીજન | હકકરજા | ૩૬૯,૧૫૮.૦૦ |
| | મંજુલાબેન બિહારીભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૫૪૯,૫૪૯.૦૦ |
| ૩ | મહેશભાઈ બલ્લુભાઈ હરીજન | હકકરજા | ૪૨૨,૭૦૦.૦૦ |
| | મહેશભાઈ બલ્લુભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૫૪૯,૫૪૯.૦૦ |
| | | કુલ | ૨,૭૮૯,૩૮૧.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ ગ્રેજયુઈટી બીલ તથા હકકરજા પગારના રૂા.૨૭,૮૯,૩૮૧/– અંકે સત્યાવીસ લાખ નેવ્યાસી હજાર ત્રણસો એકયાસી પુરાનો ખર્ચની ચુકવણી માટે મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## <u>એકઝી.કમીટી ઠરાવ નંબર.૧૧૦</u>
## <u>તારીખ.૧૭–૧૦–૨૦૨૪</u>

આથી ઠરાવ કરવામાં આવે છે શહેરમાં કુલ – આઠ (૮) ડ્રેનેજ પંપીંગ સ્ટેશનો આવેલ છે. જેમાં જુદા જુદા વિસ્તારોના ગટરના પાણીનો નિકાલ થાય છે. જે પૈકી નૈયડા પંપીંગ સ્ટેશનની ડીલીવરી લાઈન લીકેજ થયેલ હોય પાણી બહાર નીકળી જતુ હોઈ તથા મીરા સૈયદઅલીના અવર જવરના મુખ્ય રસ્તા ઉપર ગંદુ પાણી બહાર આવતું હોઈ મે. પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની સુચના તથા સદર વોર્ડના વિરોધ પક્ષના પદાધિકારીઓની સુચના મુજબ તથા ત્યાંના રહીશોની મૌખિક રજુઆત મુજબ તાત્કાલીક ધોરણે જે.સી.બી. ધ્વારા ખોદાણ કરી સદર ડી.આઈ. લાઈનમાં સદર કામના જાણકાર વેલ્ડીંગ વાળાને બોલાવી કામગીરી કરવાની થતી હોય તેઓએ અંદાજીત ખર્ચ રૂા.૩૮૦૦ થાય તેમ જણાવેલ. જેથી સદર કામગીરી કરાવવાનો ખર્ચ રૂા.૩૮૦૦ રોકડ સીલકમાંથી ચુકવવા આથી મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૧
## તારીખ.૧૭–૧૦–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રીનો રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા નીચે જણાવેલ અરજદારશ્રીઓએ તારીખ.૧૭–૧૦–૨૦૨૪ થી તારીખ.૦૭–૧૧–૨૦૨૪ ની અરજીમાં જણાવ્યા મુજબ ચકડોળ ગ્રાઉન્ડ પાસે ખુલ્લી જગ્યા આવેલ છે તેની જગ્યામાં દિવાળી તહેવારમાં હંગામી ધોરણે દારૂખાનું વેચવાનો ધંધો કરવા માટે નીચે જણાવેલ ૦૫ અરજદારશ્રીઓએ હંગામી ધોરણે તારીખ.૧૭–૧૦–૨૦૨૪ થી તારીખ.૦૭–૧૧–૨૦૨૪ સુધી દિન–૨૨ (બાવીસ) માટે જગ્યા સાથે લાયસન્સ ફી થી હંગામી ધોરણે નીચે જણાવેલ અરજદારશ્રીઓને નીચેની શરતોને આધીન એન.ઓ.સી. આપવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | અરજદારશ્રીનું નામ | ધંધાનું સ્થળ | સરનામું |
|---|---|---|---|
| (૧) | હસમુખલાલ નટવરલાલ ડબગર | ચકડોળ ગ્રાઉન્ડ સામે | મોચીવાડ, ખંભાત |
| (૨) | આગા તકી આગા ફઝલ આગા | ચકડોળ ગ્રાઉન્ડ સામે | બાંદરાબુરજ, ખંભાત |
| (૩) | મોહંમદહુસેન સિંકદરઅલી આગા | ચકડોળ ગ્રાઉન્ડ સામે | બાંદરાબુરજ, ખંભાત |
| (૪) | જગદીશભાઈ વિઠલભાઈ ડબગર | ચકડોળ ગ્રાઉન્ડ સામે | મોચીવાડ, ખંભાત |
| (૫) | સંદિપકુમાર ભરતભાઈ ડબગર | ચકડોળ ગ્રાઉન્ડ સામે | મોચીવાડ, ખંભાત |

## શરતો

(૧) ફાયર સેફટીના તમામ સાધનો દારૂખાના વેચાણ સ્થળે ઉપલબ્ધ રાખવાની શરતે દારૂખાનું વેચવા માટે હંગામી ધોરણે એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૨) દારૂખાનું વેચવા બાબતે સરકારશ્રીના અધિકારીશ્રીની અગાઉથી તમામ મંજુરી લેવાની રહેશે.

(૩) દારૂખાનું વેચવા માટે નિયમ મુજબ પરવાના તથા ખુલ્લી જગામાં પતરાની દુકાનનું લાઈટ ખર્ચ વિગેરે અરજદારશ્રીએ ભરવાના રહેશે.

(૪) સરકારશ્રીના આપેલ પરવાના નિયમો ચુસ્ત પાળવાના રહેશે.

(૫) હંગામી ધોરણે તારીખ.૧૭–૧૦–૨૦૨૪ થી તારીખ.૦૭–૧૧–૨૦૨૪ સુધી દરેક અરજદારશ્રીએ ઉચ્ચક રૂપીયા.૭,૦૦૦/– અંકે રૂપીયા સાત હજાર પુરા લાયસંસ ફી ભરવાની રહેશે અને સદર રકમ ઉપર સરકારશ્રીનો ટેક્ષ / જીએસટી અલગથી ભરવાનો રહેશે હંગામી દુકાનની સાઈઝ ૮ × ૮ ફુટની બનાવાની રહેશે.

(૬) આગ અકસ્માતની સંપુર્ણ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૭) અ.ન.૪ માં જણાવ્યા મુજબની રકમ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ એન.ઓ.સી. આપવામાં આવશે તથા બીજા અરજદારોની અરજી આવેથી તેઓને પણ નિયમ મુજબ એન.ઓ.સી. આપવી.

(૮) એન.ઓ.સી. મેળવવા માટે ફી રૂપીયા.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવવાના રહેશે.

(૯) મુદત પુર્ણ થયા બાદ જે સ્થિતિમાં જગ્યા ફાળવેલ હોય તે સ્થિતિમાં પરત આપવાની રહેશે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૨
## તારીખ.૧૭–૧૦–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રીનો રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા નીચે જણાવેલ અરજદારો એ ખંભાત શહેરમાં નીચેનાસ્થળ ઉપર દિવાળી તહેવાર દરમ્યાન હંગામી ધોરણે દારૂખાના વેચાણ કરવા માટે એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં અરજીઓ આવેલ છે.

| અ.નં. | દારૂખાનું વેચનાર અરજદારનું નામ | દારૂખાના વેચાણ કરવાનું સ્થળ | અરજી નંબર તારીખ. |
|---|---|---|---|
| (૧) | વિકાસકુમાર વિનોદચંદ્ર ડબગર | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૨૮૭<br>૧૬-૦૮-૨૦૨૪ |
| (૨) | કલ્પેશકુમાર અરવિંદભાઈ  ડબગર | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૨૫૪<br>૧૩-૦૮-૨૦૨૪ |
| (૩) | શ્રી સ્વામીનારાયણ મંદીર, નાના કલોદરા<br>વ.ક.રજનીકાંત બી.પટેલ | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૨૫૬<br>૧૩-૦૮-૨૦૨૪ |
| (૪) | ગોપીનાથ ગૃપ ફટાકડા સેન્ટર<br>પટેલ અલ્પેશકુમાર મનહરલાલ | સ્વામિનારાયણ વાડી, પ્રેસ રોડ, ખંભાત | ૧૬૦૩<br>૧૩-૦૯-૨૦૨૪ |
| (૫) | કૃણાલકુમાર પરસોત્તમભાઈ રાણા<br>મોચીવાડ, ખંભાત | દેનાબેંક તથા ગ્રીન હોટલ નીચે શોપીંગ સેન્ટર, F1125/25/26<br>ગવારા ટાવર પાસે, ખંભાત | ૧૨૫૫<br>૧૩-૦૮-૨૦૨૪ |

ઉપરોકત જણાવેલ અરજદારો ને ઉપર જણાવેલ સ્થળોએ દારૂખાના વેચાણ માટે નીચે જણાવેલ શરતોને આધીન એન.ઓ.સી. આપવા ઠરાવવામાં આવે છે.

(૧) ફાયર સેફટીના તમામ સાધનો દારૂખાના વેચાણ સ્થળે ઉપલબ્ધ રાખવાની શરતે દારૂખાનું વેચવા માટે હંગામી ધોરણે એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૨) સદર એન.ઓ.સી.તારીખ.૨૧–૧૦–૨૦૨૪ થી તારીખ.૦૨–૧૧–૨૦૨૪ સુધી આપવા માં આવે છે.

(૩) અરજદારશ્રી એ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, આણંદ તથા સરકારશ્રીના  દારૂખાના  વેચાણ કરવાની તમામ શરતો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તથા એમ.જી.વી.સી.એલ.ના વીજ જોડાણના નિયમો પાળવાના રહેશે.

(૪) આગ અકસ્માતની તમામ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે. નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૫) સદર એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં રૂા.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા  જમા કરાવેથી એન.ઓ.સી. આપવામાં આવશે.

(૬) ઉપરોકત અરજદારો સિવાય બીજા  અરજદારોની  અરજી  આવેથી  તેઓને  પણ  નિયમ મુજબ એન.ઓ. સી. આપવી.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા

<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૩</u>

<u>તારીખ.૧૭–૧૦–૨૦૨૪</u>

આથી ઠરાવ કરવામાં આવે છે ચીફ ઓફિસરશ્રી અને પ્રમુખશ્રીનો રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૨ / તા.૦૪–૧૦–૨૦૨૪ થી ખંભાત માદળા તળાવ પાસે આવેલ ખંભાત નગરપાલિકા હસ્તકનું ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળાનું ચકડોળ ગ્રાઉન્ડ જાહેર હરાજીથી આપવા શરતો નકકી કરી તેની જાહેરાતની પ્રસિધ્ધી દૈનિક પેપર ''ગુજરાત સમાચાર'' તથા ''દિવ્ય ભાસ્કર''માં તા.૧૧–૧૦–૨૦૨૪ ના રોજ જાહેરાત પ્રસિધ્ધ થતા હરાજી તા.૧૭–૧૦–૨૦૨૪ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રાખેલ તે બાબતે હરાજીમાં કુલ અગીયાર(૧૧) અરજદારે હરાજી ડીપોઝીટ ભરીને ભાગ લીધેલ. ત્યારબાદ હરાજીની શરૂઆત કરતા હરાજીની અપસેટ કિંમત રૂા.૪૧,૦૦,૦૦૦/– કરતા અરજદારો ઓછી બોલી બોલેલ હતા. આ બાબતે નગરપાલિકાને આર્થિક નુકશાન ન થાય અને અપસેટ કિંમત કરતા ઓછી બોલી બોલતા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૨ / તા.૦૪–૧૦–૨૦૨૪ની શરત નં.૪ નકકી થયા મુજબ ચકડોળ ગ્રાઉન્ડની ફાળવણી કરવી નહી તે મુજબ આજની હરાજી રદ કરવામાં આવે છે. અને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૨ / તા.૦૪–૧૦–૨૦૨૪નો ઠરાવ રદ કરવામાં આવે છે. તદઉપરાંત ખંભાત શહેર તથા આજુબાજુના ગામના પ્રજાજનો તથા નાના ભુલકાઓ માટે ચકડોળ ગ્રાઉન્ડનો દિવાળી મેળો આનંદ પ્રમોદ માટેનો ખુબ જ ઉત્સાહ હોય છે. અને દિવાળી મેળો તા.૨૭–૧૦–૨૦૨૪થી શરૂઆત થાય છે. અને હાલના સંજોગોમાં દિવસો ખુબ જ ઓછા રહેલ હોવાથી ચકડોળ ગ્રાઉન્ડ દિવાળી મેળા માટે નવેસરથી શરતો બનાવી અને દિન–ત્રણ(૩)માં જાહેર હરાજીની કાર્યવાહી કરવી. અને એકઝી. કમીટી ઠરાવ નં.૮૩ મુજબની હરાજીની પ્રક્રીયા હાલ મુલત્વી રાખવામાં આવે છે. અને આ હરાજીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નીચેની હરાજીની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત માદળા તળાવ પાસે આવેલ ખંભાત નગરપાલિકા હસ્તકનું ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળા માટે તા.૨૭–૧૦–૨૦૨૪ થી ૧૫–૧૧–૨૦૨૪ સુધી સમય દરમ્યાન સદર ચકડોળ ગ્રાઉન્ડમાં પ્લોટ પાડી (મેરીગો રાઉન્ડ, ટોળા ટોળા, રાઈડીંગ, ઝુલા, આનંદ પ્રમોદના સાધનો, દુકાનો, સ્ટોલ વિગેરે માટે નીચેની શરતોથી જાહેર હરાજીથી નોન રીફન્ડેબલ પ્રીમીયમથી મેળા માટે પ્લોટ હંગામી લાયસન્સ ફી થી આપવામાં આવશે. તેમજ મેળા અંગે જરૂરી પરવાનગી, લાઈટ, ઈન્સ્યોરન્સ વીમો, ફાયર તથા અન્ય પરવાનગીઓ નગરપાલિકા ધ્વારા લેવામાં આવશે. અને તે અંગેનો ખર્ચ નગરપાલિકા ધ્વારા કરવામાં આવશે. અને પરવાનગી, લાઈટ, ઈન્સ્યોરન્સ વીમો, ફાયર તથા અન્ય પરવાનગીઓ માટે થતો ખર્ચ સદર પ્લોટ રાખનાર ઈજારેદાર પાસેથી વસુલ કરવા આથી ઠરાવવામાં આવે છે.

<u>હરાજીની શરતો.</u>

(૧) હરાજીમાં ભાગ લેવા માટે <u>રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફટથી</u> ડીપોઝીટ તા.૨૨–૧૦–૨૦૨૪ ના બપોરના ૦૨:૦૦ કલાક સુધીમાં ઓફીસ સમય દરમ્યાન ખંભાત નગરપાલિકામાં ભરવાની રહેશે. તથા એક ડિપોઝીટમાં અરજદારશ્રી એક જ પ્લોટની હરાજીની બોલીમાં ભાગ લઈ શકશે. જે અરજદાર એક ડીપોઝીટ ભરેલ હોય અને હરાજી દરમ્યાન બીજા પ્લોટની હરાજી બોલવી હોય તે અરજદાર રૂા.૫૦,૦૦૦/– સ્થળ ઉપર જમાં કરાવી બીજા પ્લોટની હરાજીમાં ભાગ લઈ શકશે. (દરેક પ્લોટની હરાજી ડીપોઝીટ જમાં કરાવવાની રહેશે.) તથા ચકડોળ ગ્રાઉન્ડમાં વચ્ચેના ભાગમાં હાથલારી, નાના ચકડોળ ઝંપીંગ, મીની ટ્રેન, વોટર બોટીંગ વિગેરે તથા સ્ટોલની હરાજી ડીપોઝીટ ભરવાની રહેશે નહી.

(૨) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ નગરપાલિકા હસ્તકની જ ખુલ્લી જગ્યામાં પ્લોટ ૧ થી ૧૬ હંગામી ધોરણે મેળાના આયોજન માટે વાપરવા માટે આપવાના છે. દરેક પ્લોટની જાહેર હરાજી જુદી જુદી થશે. પ્લોટ નં. ૧ થી ૯ અને ૧૪ થી ૧૬ની અપસેટ કિંમત રૂા.૦૨,૫૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા નકકી કરેલ છે. પ્લોટ નં. ૧૦ થી ૧૩ (એમ કુલ ચાર પ્લોટ સળંગ) જે ખુણાંમાં છેવાડાના હોઈ જેથી તેની અપસેટ કિંમત રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા એક પ્લોટ દીઠ નકકી કરેલ છે. તેનાથી ઉપરની બોલી રૂા.૫,૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજારના ગુણાંકમાં આગળ બોલી બોલવાની રહેશે.

(૩) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડના પ્લોટ તા.૨૭/૧૦/૨૦૨૪ થી તા.૧૫/૧૧/૨૦૨૪ એટલે કે (આસો વદ–૧૧ થી કારતક સુદ–૧૫) સુધી ૨૦(વીસ) દિવસ માટે મેળાના દિવસો સુધી હંગામી લાયસન્સ ફી થી વાપરી શકાશે.

(૪) હરાજીમાં સૌથી ઉંચી બોલી બોલનારને પ્લોટની ફાળવવી કે નહીં તેનો આખરી નિર્ણય એકઝીકયુટીવ કમીટીનો રહેશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

(૫) હરાજીમાં જે ઉંચી બોલીની રકમ મંજુર થાય તે પ્લોટની પ્રીમીયમની પુરેપુરી રકમ તુરંત જ સ્થળ ઉપર ભરવાની રહેશે. જે જમા કરાવવામાં ચુક થશે તો દિવાળી મેળાના આયોજન માટેની પ્લોટની ફાળવણી રદ કરવામાં આવશે અને હરાજી માટે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૬) હરાજીમાં પ્લોટની સૌથી ઉંચી બોલી જેની મંજુર કરવામાં આવે તેઓ હરાજીની શરતો મુજબ બોલીની પુરેપુરી રકમ સ્થળ ઉપર તુરંત જમાં નહી કરે તો તેની બોલી રદ કરવામાં આવશે અને તે સંજોગોમાં સદર પ્લોટને અન્યને ફાળવવા માટે રકમ નકકી કરવાનો કે ફાળવણી કરવાનો નિર્ણય એકઝીકયુટીવ કમીટીનો રહેશે.

(૭) મેળાની શરૂઆત પહેલા પ્રવર્તમાન સરકારી કાયદા મુજબ નકકી કરેલા જરૂરી પરવાના લાયસન્સ વિગેરે જે તે ઓથોરીટી પાસે મેળવી લેવાની જવાબદારી મેળાના આયોજન માટે જરૂરી મદદ નગરપાલિકાને સાથે રાખીને પ્લોટ રાખનારની રહેશે.

(૮) મેળાના દિવસો અને મેળાના સમય દરમ્યાન મેળામાં ભાગ લેનાર ગ્રાહકો / પ્રજાજનોની સલામતીની સંપુર્ણ જવાબદારી પ્લોટ રાખનારની રહેશે. અને તે માટે પ્લોટ રાખનારે જરૂરી આયોજન કરવાનું રહેશે તથા તેના ઈન્સ્યોરન્સ ફરજીયાત લેવાનો રહેશે.

(૯) મનોરંજનની આઈટમો પ્લોટ ઉપર ગોઠવવા માટે જગ્યામાં જે કોઈ લેવલીંગ વિગેરે અનુકુળતા મુજબ કરવાની જવાબદારી પ્લોટ લાયસન્સ ફી થી રાખનારની રહેશે. અને તે અંગેનો કોઈ જ ખર્ચ નગરપાલિકા ભોગવશે નહીં. તથા મેળો પુરો થયેથી પ્લોટ જે તે પરિસ્થિતિમાં હતું તે મુજબ લેવલીંગ કરી આપવાનું રહેશે.

(૧૦) ચકડોળ ગ્રાઉન્ડમાં ફાળવેલ પ્લોટ સિવાય બાકીની જમીન પર મનોરંજનની આઈટમ અગર અન્ય સ્ટોલ લગાવી શકાશે નહીં.

(૧૧) જે ઈસમની બોલી મંજુર થઈ હશે તેમણે ભરેલ રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પુરા ડીપોઝીટની રકમ કારતક સુદ–૧૫ (પૂનમ)પછી મેળો પુરો થયા પછી ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

(૧૨) કાયદાથી પ્રતિબંધિત કે જુગાર સટ્ટા કે અશ્લીલ આઈટમો સદર પ્લોટમાં ગોઠવવા કે પ્રતિબંધિત ચીજ વસ્તુઓના વેચાણ માટે દુકાન કે સ્ટોલ કરી શકાશે નહીં.

(૧૩) મેળાની શરૂઆત થતાં પહેલા રાજય સરકાર કે ઉપલી ઓથોરીટી તરફથી આ મેળાના આયોજન માટે મનાઈ ફરમાવવામાં આવે કે રદ કરવાનો હુકમ કરવામાં આવે તેવા સંજોગોમાં પ્લોટની ફાળવણી રદ કરવામાં આવશે અને ભરેલ રકમ પરત કરવામાં આવશે.

(૧૪) મેળાની શરૂઆત થઈ ગયા પછી અધવચ્ચે શરત (૧૩) માં જણાવ્યા મુજબની પરિસ્થિતિમાં લાયસન્સ ફી થી નકકી થયેલ રકમનો (શરત–૩ મુજબના) મેળાના દિવસો દીઠ ગણતરી કરીને લાયસન્સ ફીની ગણતરી કરી નિકાલ કરવામાં આવશે.

(૧૫) ચકડોળ ગ્રાઉન્ડના પ્લોટમાં સલામતીની વ્યવસ્થાના કામે નગરપાલિકાનું ફાયર ફાઈટર ઉભુ રાખવા તથા સ્ટાફ માટેની જગ્યા નગરપાલિકા માટે અનામત રાખવાની રહેશે. તેમજ ઈજારદારે ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે અને આકસ્મિક કોઈપણ બનાવ બનશે તો તેની સંપુર્ણ જવાબદારી ચકડોળ ગ્રાઉન્ડમાં પ્લોટ રાખનાર ઈજારદારની રહેશે.

(૧૬) ચકડોળ ગ્રાઉન્ડમાં પ્લોટ રાખનાર વ્યકિતઓએ આવા મેળા કરેલ હોય તેના પ્રમાણપત્રો (ખંભાત તથા અન્ય જગ્યાના) અનુભવના પત્રો રજુ કરવાના રહેશે.

(૧૭) મેળા દરમ્યાન આગ, અકસ્માત કે શોર્ટ સર્કીટ કે અન્ય કોઈપણ પ્રકારની જાન હાની કે નુકશાન થાય તેવા બનાવો ના બને તેની સંપુર્ણ તકેદારી પ્લોટ રાખનારની રહેશે. તેમજ મેળામાં ચકડોળ, ટોરાટોરા, બ્રેક ડાન્સ, રાઈડર, વિગેરે જેવી મનોરંજન માટે વપરાતી રાઈડઝ ગોઠવવામાં આવે તેની સલામતીની સંપુર્ણ વ્યવસ્થા પ્લોટ રાખનારે કરવાની રહેશે અને તે તમામ રાઈડઝમાં કોઈ ખામી નથી તેવું સક્ષમ ઓથોરીટી / આર એન્ડ બી ના મીકેનીકલ ડીપાર્ટન્ટનું પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે. અને રોજે રોજ મેળા દરમ્યાન પ્રમાણપત્ર મેળવી રજુ કરવાનું રહેશે. અને આ પ્રકારનો કોઈપણ બનાવ બનશે કે અકસ્માત સર્જાશે તો તેની સંપુર્ણ જવાબદારી પ્લોટ રાખનારની રહેશે. આ બાબતે નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૮) હરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ પોતાનું ઓળખકાર્ડ રજુ કરવાનું રહેશે તથા સરનામાનું પ્રુફ પણ રજુ કરવાનું રહેશે.

(૧૯) સરકારના કે કોર્ટના કોઈપણ હુકમના કારણે જો દિવાળી મેળાનું આયોજન કેન્સલ કરવું પડે (રદ કરવું પડે) કે કોઈ આસમાની સુલતાની (Act of God) થાય તો તેને માટે નગરપાલિકા જવાબદાર ગણાશે નહીં.

(૨૦) આ ઉપર જણાવેલ તમામ શરતો પૈકીની કોઈપણ શરતમાં સુધારો વધારો કરવાની તમામ સત્તા નગરપાલિકાના પ્રમુખશ્રી તથા એકઝીકયુટીવ કમીટીને રહેશે અને તે શરત પ્લોટના ઈજારદારે માન્ય રાખવાની રહેશે.

(૨૧) ચકડોળ ગ્રાઉન્ડમાં પ્લોટ રાખનાર ઈજારદારે દૈનિક મોટી ચકડોળની ટિકીટ દર રૂા.૬૦/– અંકે રૂપીયા સાહીઠ પુરા અને નાની ચકડોળની ટિકીટ દર રૂા.૪૦/– અંકે રૂપિયા ચાલીસ પુરા થી વધુ ટિકીટ દર વસુલી શકશે નહી.

(૨૨) દિવાળી મેળા માટે પ્લોટની જે ઈસમની બોલીની રકમ મંજુર થયેલ હશે તેની ઉપર સરકારશ્રીના નિયમઅનુસાર જી.એસ.ટી. ચાર્જ અલગથી તુરંત જ સ્થળ ઉપર ભરવાનો રહેશે.

(૨૩) પ્લોટના ઈજારદારે સરકારશ્રીની તમામ ગાઈડ લાઈન (એસ.ઓ.પી) નું પાલન કરવાનું રહેશે.

(૨૪) જાહેર હરાજીની ડીપોઝીટ અગાઉ જે ઈસમોએ ભરેલ હોય તેઓએ હરાજીમાં ભાગ લેવા નવેસરથી ડીપોઝીટ જમાં કરાવવાની રહેશે. અગાઉની હરાજીની ડીપોઝીટથી હરાજીમાં ભાગ લઈ શકશે નહી.

(૨૫) હરાજીથી રાખેલ પ્લોટનો કરાર રૂા.૩૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર કબ્જો મેળવતા પહેલા કરી જવાનો રહેશે. આ અંગેનો તમામ ખર્ચ પ્લોટ રાખનારનો રહેશે. ઈલેકટ્રીલ બીલ લાયસન્સ ફી થી પ્લોટ રાખનારે ભરવાનું રહેશે.

(૨૬) જે ઈસમે હરાજીમાં પ્લોટની સૌથી વધુ બોલી બોલેલ હોય જેની બોલી મંજુર થયેલ તેઓ બોલીની રકમ ભર્યા પહેલા તે પ્લોટ જે અન્ય ઈસમનું નામ આપશે તેના નામે ટ્રાન્સફર કરી શકશે. તથા પ્રીમીયમની રકમ તેના નામે જમાં લઈ શકશે.ચકડોળ ગ્રાઉન્ડમાં ૧ થી ૧૬ પ્લોટ એકજ લાયસન્સ ફી થી રાખનાર હશે તેવા સંજોગોમાં રૂપિયા ૫૦૦/– નાં સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવાનો રહેશે લાઈટ બિલનાં નાણા લાયસન્સ ફી થી રાખનારે ભરવાના રહેશે.

(૨૭) ચકડોળ ગ્રાઉન્ડના વચ્ચેના ભાગમાં ખુલ્લી જગ્યામાં નાના ભુલકાઓ માટે આઈટમો જેવી કે નાના ચકડોળ, ઝંપીંગ, મીની ટ્રેન, વોટર બોટીંગ,ખાણી પીણીના નાસ્તાના સ્ટોલ, હાથલારી વિગેરે દિવાળી મેળા માટે ખુલ્લી જગ્યા (નકશામાં જણાવેલ રસ્તા સિવાય)ની અપસેટ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) તથા આ અંગેની હરાજી ડિપોઝીટ લીધા સીવાય સદર ખુલ્લી જગા દિવાળી મેળા માટે ચકડોળ ગ્રાઉન્ડના પ્લોટ રાખેલ હોય તેઓને ખુલ્લી જગા ફાળવણી કરવા અંગે પ્લોટ રાખેલ અરજદારને રૂબરૂમાં બોલાવી અપસેટ કિંમત કરતા લેખીતમાં વધુ જણાવે થી ખુલ્લી જગાની ફાળવણી કરવી લાઈટ બિલ લાયસન્સ ફી ધારકે ભરવાની રહેશે.

ઉપરોકત શરતોએ જાહેર હરાજી કરવા માટેની જાહેરાત આપવા માહિતી દૈનિક પેપરમાં ગુજરાત સમાચાર તથા નયા પડકારમાં જાહેરાત આપી અને તે અંગેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવો તથા એ અંગેની સંપૂર્ણ કાર્યવાહી નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી, પ્રમુખશ્રી, એકઝીકયુટીવ કમીટી ચેરમેનશ્રી તથા કમીટીના સભ્યશ્રીઓની હાજરીમાં થશે અને આખરી નિર્ણય માનનીય પ્રમુખશ્રી તથા એકઝીકયુટીવ કમીટી ચેરમેનશ્રી ખંભાત નગરપાલિકાનો રહેશે.

જાહેર હરાજી તારીખ.૨૨–૧૦–૨૦૨૪ ના રોજ બપોરના ૦૩:૦૦ કલાકે ખંભાત નગરપાલિકા હોલમાં કરવામાં આવશે. જેથી જેઓ ભાગ લેવા માંગતા હોય તેઓ એ નિયત સમયમાં ડીપોઝીટ ભરી ભાગ લેવા જણાવવામાં આવે છે. ડીપોઝીટની રકમ તા.૨૨–૧૦–૨૦૨૪ ના રોજ ઓફીસ સમય દરમ્યાન બપોરના ૦૨:૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.નિયત સમય સુધીમાં ડીપોઝીટ નહીં ભરનાર હરાજીમાં ભાગ લઈ શકશે નહીં અને ડીપોઝીટની ભરેલ રકમ હરાજીની કાર્યવાહી પુર્ણ થયા બાદ જેની બોલી મંજુર થયેલ હોય તે સિવાયના અન્ય ઈસમોને ભરેલ ડીપોઝીટ પરત આપવામાં આવશે

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ